# સાબરકાંઠા જિલ્લામાં ૭૩ નવા મતદાન મથકો ઉમેરાયા

ચૂંટણીપંચ દ્વારા મતદારયાદી સુધારણા ખાસ ઝૂંબેશ હાથ ધરવામાં આવી છે. જે અંતર્ગત માન્યતા પ્રાપ્ત પક્ષના પ્રતિનિધિઓની હાજરીમાં યોજાયેલ બેઠકમાં સાબરકાંઠા જિલ્લામાં ૭૩ નવા મતદાન મથકો ઉમેરાયા હોવાની જાહેરાત કરવામાં આવી હતી.

ખાસ સંક્ષિપ્ત સુધારણા-૨૦૧૭ કાર્યક્રમ અંતર્ગત ૧૫ સપ્ટેમ્બર ૨૦૧૬થી ૧ જાન્યુઆરી ૨૦૧૭ના રોજ લાયકાત ધરાવનાર મતદારોના નામનો સમાવેશ કરવામાં આવનાર છે. રાજય ચૂંટણીપંચના આદેશ-સુચના મુજબ હિંમતનગર વિધાનસભામાં ૯, ઈડરમાં ૯, ખેડબ્રહ્મામાં ૨૨ તથા પ્રાંતિજમાં ૧૬ નવા મતદાન મથકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં નવીન બીએલઓ તેમજ સુપરવાઈઝરની નિમણુક કરવામાં આવી છે. આ ઝૂંબેશને વધુ અસરકારક બનાવવા કોલેજમાં કેમ્પસ એમ્બેસેડર અને પદનામિત અધિકારીઓ નીમવામાં આવ્યા છે.

રાષ્ટ્રીય મતદાર શુધ્ધતા અભિયાન અંતર્ગત અક્ષમ વ્યકિતઓને સમાવેશ કરવા માટે સ્વૈચ્છિક સંસ્થાઓનો સહયોગ લેવામાં આવનાર છે. હિંમતનગરમાં ૩૨૨, ઈડરમાં ૩૩૮, ખેડબ્રહ્મામાં ૩૦૧ અને પ્રાંતિજમાં ૨૯૪ મતદાન મથકો નક્કી કરવામાં આવ્યા છે. જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા ગ્રામ-વોર્ડ સભાઓ યોજી ૧૮, ૨૫ સપ્ટે. અને ૯ ઓકટોમ્બર રવિવારના રોજ યોજાનાર મતદાર સુધારણાયાદી ઝૂંબેશને સફળ બનાવવા જણાવાયુ હતું.

# કડી કેમ્પસના વિદ્યાર્થીઓ માટે નેતૃત્વ તાલીમનો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૫

કડી સર્વ વિશ્વ વિદ્યાલય દ્વારા આયોજીત સર્વ નેતૃત્વ-૧૬ (લીડરશીપ ટ્રેઈનીંગ)નો કાર્યક્રમ તા. ૯ થી ૧૩ સપ્ટેમ્બર ૨૦૧૬



દરમિયાન સર્વ વિદ્યાલય કેમ્પસ કડી ખાતે યોજાયો હતો. જેમાં ગાંધીનગર અને કડી કેમ્પસ સ્થિત જુદી જુદી ૧૧ કોલેજના કુલ ૬૪ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

'સર્વ નેતૃત્વ' કાર્યક્રમનો મુખ્ય હેતુ યુવા વિદ્યાર્થીઓમાં નેતૃત્વ સંચાલન, રાષ્ટ્રીયતા અને વ્યકિત પ્રતિભાના ગુણો વિકસે સાથે દેશના જવાબદાર નાગરીક તરીકેની જવાબદારીથી વાકેફ થાય તે હેતુસર આયોજન કરવામાં આવે છે. સમગ્ર કાર્યક્રમમાં નિષ્ણાત ટ્રેઈનર સુરેશ પટેલ દ્વારા રચનાત્મક રીતે યુવા વિદ્યાર્થીઓને અલગ અલગ પ્રવૃત્તિ જેવી કે યોગાસન, વ્યાખ્યાન, ફિલ્મ, પ્રેઝન્ટેશન, જુથ સંવાદ, ટેલેન્ટ ઈવનીંગ અને વિવિધ રમતો થકી ટાઈમ મેનેજમેન્ટ, લીડરશીપ, ઈવેન્ટ મેનેજમેન્ટ અને ટીમ વર્કિંગની ક્ષમતાને બહાર લાવવા પ્રયત્ન કરાયો હતો. શિબિર દરમિયાન ગેસ્ટ સ્પીકર તરીકે તિરુપતિ ઈન્ડસ્ટ્રીના માલિક અને જાણીતા ઉદ્યોગપતિ સૌરીનભાઈ પરીખ અને ઉડાન ફાઉન્ડેશનના નિષ્ઠાબેન દ્વારા પોતાના જીવન પ્રસંગો વર્ણવ્યા હતા અને વિદ્યાર્થીઓને સારા માણસ બની રાષ્ટ્ર નિર્માણમાં સહભાગી થવા આહ્વાન કર્યું હતું. પાંચ દિવસીય નિવાસી શિબિરના છેલ્લા દિવસે બધા વિદ્યાર્થીઓને જુના વાડજ સ્થિત જીવનતીર્થ સંસ્થાની મુલાકાત કરાવાઈ હતી. જયાં સંસ્થાના સંચાલક અને ટ્રસ્ટીઓ દ્વારા રમાપીરને ટેકરે રહેતા બાળકો, વિધવા, વડીલો અને બહનો માટે ચાલતી વિવિધ પ્રવૃત્તિની વિસ્તૃત માહિતી આપી હતી અને ત્યાંના રહીશો સાથે મુલાકાત કરાવવામાં આવી હતી.

નિવાસી શિબિરના અંતે સમાપન સમારંભમાં કડી સર્વ વિશ્વ વિદ્યાલયના ચેરમેન વલ્લભભાઈ પટેલે ઉપસ્થિત રહી પ્રાસંગિક ઉદબોધન કરતા સંસ્થાની વિસ્તૃત માહિતી આપી હતી અને વિદ્યાર્થીઓ સમાજ પ્રત્યેની પોતાની જવાબદારી સમજે એવી આશા વ્યકત કરી હતી. કડી કેમ્પસ ડાયરેકટર અજય ગોરે પણ વિદ્યાર્થીઓને પ્રેરણા અને માર્ગદર્શન પુરું પાડયું હતું. સમગ્ર શિબિરનું સંચાલન અને આયોજન સર્વ નેતૃત્વ કાર્યક્રમના કો ઓર્ડીનેટર ડૉ. ધર્મેન્દ્રભાઈ પટેલ, અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજ અને સહાયક તરીકે સી.એમ. પટેલ નર્સિંગ કોલેજના પ્રા. મિત્તલ પ્રજાપતિ અને પ્રા. અંકિતા મેકવાન દ્વારા કરવામાં આવ્યું હતું.

# ઊંઝા દાહોદ વચ્ચે નવી એક્સપ્રેસ બસ શરૂ કરવા માંગ

ઊંઝા, તા. ૧૫

વેપારી મથક અને યાત્રાસ્થળ ઊંઝાથી દાહોદ રૂટની નવિન એક્સપ્રેસ બસ સર્વિસ શરૂ કરવા મુસાફર જનતાની માંગણી ઉઠી છે.

ઊંઝા શહેર સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં દાહોદ જિલ્લાના મજુરીયાત વર્ગના ઘણા લોકો મજુરી કામ કરે છે. આ ઉપરાંત નજીકના તાલુકાઓમાં પણ દાહોદ તરફના કેટલાય આદીવાસીઓ મજુરી કામ કરી રહ્યા છે. આ લોકો અવાર નવાર પોતાના વતનમાં જતા આવતા હોય છે.

વેપારી મથક ઊંઝા બસ સ્ટેશનેથી સાંજના સમયે દાહોદ તરફની કોઈ જ એસ.ટી. બસ સર્વિસ નથી. મોડી સાંજે ડીસાથી દાહોદ રૂટની બસમાં ટ્રાફિકનું પ્રમાણ ઉંચુ રહે છે. જેથી અહીંથી દાહોદ તરફ જવા માગતા મુસાફરોને પરેસાની વેઠવી પડે છે. આવી સ્થિતિમાં સાંજના છ થી સાત વાગ્યાની વચ્ચે ઊંઝાથી દાહોદ રૂટની નવિન એક્સપ્રેસ બસ સર્વિસ શરૂ કરાય તો આદીવાસી મજુરીયાત વર્ગના લોકોને વતનમાં જવા આવવા માટે ઘણી રાહત થાય તેમ છે. આ બસ શરૂ કરાય તો એસ.ટી. તંત્રને સારી એવી આવક પ્રાપ્ત થઈ શકે તેમ છે. તો આ બાબતે મહેસાણા એસ.ટી. વિભાગના ઉચ્ચ અધિકારીઓએ ઊંઝા-દાહોદ નવિન બસ સર્વિસ શરૂ કરી મુસાફરોની મુશ્કેલી મીટાવવી જરૂરી છે.

બીજુ ઊંઝા એસ.ટી. ડેપો દ્વારા સવારના સમયે ઊંઝા-સંતરામપુર રૂટની એક્સપ્રેસ બસનું સંચાલન કરવામાં આવે છે. આ બસ સવારે ઉપડી સાંજે પરત ઊંઝા આવે છે. આ બસને સંતરામપુરથી ૧૮ કિ.મી. દૂર ફતેપુરા સુધી લંબાવવા માટે પણ મુસાફર જનતાની માંગણી ઉઠી છે. આ બસને ફતેપુરા સુધી લંબાય તો આવકમાં ખાસ્સો વધારો થવાની શક્યતા છે.

# અંબાજીમાં શ્રદ્ધાનું ઘોડાપુર

## ભાદરવી મેળાની ધાર્મિક માહોલમાં પૂર્ણાહુતિ

અંબાજી, તા.૧૫

ભાદરવી પૂનમ મેળાની ધાર્મિક માહોલમાં આજે પૂર્ણાહુતિ થઈ હતી. અંબાજી ભાદરવી પૂનમના મેળામાં ધારણા પ્રમાણે જ શ્રદ્ધાળુઓનો આંકડો ૨૮ લાખથી ઉપર પહોંચ્યો હતો. બપોરના ગાળા સુધી આ આંકડો ૨૮ લાખથી ઉપર પહોંચી ગયો હતો અને આંકડો સાંજે ૪.૩૦ વાગ્યા સુધીમાં ૨૮૭૮૨૧૭ સુધી પહોંચી ગયો હતો. છેલ્લા કેટલાક દિવસથી ભાદરવી પૂનમ મેળાને લઈને શ્રદ્ધાળુઓનો અવિરત ધસારો જારી રહ્યો હતો. ભાદરવી પૂનમ મહામેળાને લઈને સતત આંકડા જારી કરવામાં આવ્યા છે. જે મુજબ અંબાજી માતાના દર્શન માટે આવેલા શ્રદ્ધાળુઓને લઈને ચિત્ર સ્પષ્ટ થઈ જાય છે. ભાદરવી પૂનમ મેળાના આજે અંતિમ દિવસે વધારે શ્રધ્ધાળુઓ ઉમટી પડ્યા હતા અને બપોર સુધીમાં પાંચ લાખથી વધુ શ્રદ્ધાળુઓ નજરે પડ્યા હતા. પ્રસાદ વિતરણ પેકેજની સંખ્યા વધીને ૨૨૨૫૨૧ સુધી પહોંચી હતી.



ભાદરવી પૂનમ મેળામાં આરાસૂરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ અંબાજી ખાતે આયોજિત મેળાના ભાગરૂપે હજુ સુધી ૨૮૭૮૨૧૭ શ્રદ્ધાળુઓ દર્શન કરી ચુક્યા છે. ભોજન પ્રસાદ કરનાર યાત્રીઓની સંખ્યા વધીને હવે ૩૪૫૯૧૫ સુધી પહોંચી ગઈ છે. ભંડાર ભાદરવી પૂનમ અને પાંચ હજાર ભેટ કાઉન્ટરની આવક પણ રેકોર્ડ ગતિએ વધી રહી છે અને આંકડો ૩૯૫૮૧૭૪ સુધી પહોંચ્યો છે. ભાદરવી પૂનમના મેળા દરમિયાન કુલ આવકમાં આંકડો વધીને હવે ૩૯૨૩૪૫૨૯ સુધી પહોંચી ગયો છે. આ ગાળા દરમિયાન અવિરત શ્રદ્ધાળુઓનો પ્રવાહ જારી રહ્યો છે. કોઈપણ પ્રકારની અંધાધૂંધીને ટાળવા માટે સાવચેતીના તમામ પગલાં લેવાયા છે. છેલ્લા પાંચ દિવસના ગાળામાં આંકડા પર નજર કરવામાં આવે તો શ્રદ્ધાળુઓની સૌથી વધુ સંખ્યા ૧૩મી સપ્ટેમ્બરના દિવસે જોવા મળી હતી. તે દિવસે એક જ દિવસમાં શ્રદ્ધાળુઓનો આંકડો સાત લાખથી પણ વધુ નોંધાયો હતો. ૧૦મીથી લઈને ૧૩મી સુધી સુવર્ણ શિખર ઉપર કુલ ૩૮૩ મોટી ધજાઓ ચઢાવવામાં આવી હતી. આ ઉપરાંત ૧૦મીથી ૧૩મી સુધી ગબર ટોચ અને માતાજીના ઝુલા ઉપર કુલ ૫૮૫૦ ધજા ચઢાવવામાં આવી હતી.

આ ઉપરાંત એસટી બસ દ્વારા જુદા જુદા સ્થળોથી અંબાજીમાં આવતા મુસાફરોની સંખ્યા ૨૦૬૫૬૦ નોંધાઈ હોવાના અહેવાલ મળ્યા છે.

# આજથી મતદારયાદી સુધારણા કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૧૫

રાજયમાં મતદારયાદીનો મુસદો આજે ચૂંટણી પંચ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. અને આગામી ૫મી જાન્યુઆરી-૨૦૧૭ના રોજ ફાઈનલ મતદારયાદી પ્રસિદ્ધ કરવામાં આવશે.

રાજયના મુખ્ય ચૂંટણી અધિકારી બી.બી. સ્વેને આજે આ અંગેની વિગતો પત્રકારોને આપતા જણાવ્યું હતું કે આ મતદારયાદી મતદાર નોંધણી અધિકારીની કચેરી ઉપરાંત કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારીની કચેરી ખાતેના તેમજ નાગરિક સુવિધા કેન્દ્રો મતદાન સ્થળો તેમજ કેટલાક જાહેર સ્થળો ઉપર પણ નાગરિકો સરળતાથી પોતાનુ નામ તથા વિગતો ચકાસી શકે તે માટે મતદારયાદી પ્રદર્શિત કરવામાં આવે છે.

તેમણે જણાવ્યું હતું કે મતદારયાદી સુધારણા કાર્યક્રમ દરમ્યાન ૧૬-૯-૨૦૧૬ અને ૬-૧૦-૨૦૧૬ના રોજ ગ્રામ્ય વિસ્તારમાં ગ્રામ સભાઓ તથા શહેરી વિસ્તારમાં સ્થાનિક સંસ્થાઓ બુથ લેવલ અધિકારી મદદનીશ મતદાર નોંધણી અધિકારી તથા અન્ય અધિકારીઓ દ્વારા મતદાર યાદીના સંભવિત ભાગ સેક્શનમાં સમાવિષ્ટ મતદારના નામ સહિતની વિગતોનું વાંચન કરી યાદીની ચકાસણી કરવામાં આવશે.

મતદારયાદી સુધારણા કાર્યક્રમ ૧૫-૯-૨૦૧૬ થી ૧૪-૧૦-૨૦૧૬ના સમયગાળા દરમ્યાન હક્ક દાવા અને વાંધા અરજીઓ સ્વીકારવામાં આવશે. ૧લી જાન્યુઆરી-૨૦૧૭ના રોજ ૧૮ વર્ષ પૂરા કરનાર કોઈપણ લાયક નાગરિક મતદાર યાદીમાં નામ નોંધાવવામાં હક્કદાર બને છે.

તેમણે જણાવ્યુ હતુ કે સોસાયટીઓના નામો અને નામો મતદારયાદીમાંથી ડીલીટ થઈ જવાની ઉઠતી ફરીયાદો સંદર્ભમાં રાજકીય પક્ષોને ડીલીટ થયેલ નામો અંગેની જાણકારી પુરી પાડવામાં આવશે.

# આજે છાયા ચંદ્રગ્રહણ

ગાંધીનગર, તા. ૧૫

ભારત સહિત દુનિયાના દેશો અને અમુક પ્રદેશોમાં આગામી શુક્રવાર તા. ૧૬-૧૭મી સપ્ટેમ્બર-૨૦૧૬નું આખરી છાયા ચંદ્રગ્રહણનો અવકાશી નજારો જોવા મળશે. આશરે ૪ કલાકની અવકાશીય ખગોળીય ઘટના બનવાની છે. રાજ્યમાં ભારત જન વિજ્ઞાન જાથાની રાજ્ય કચેરી અને તેની શાખાઓ ગ્રહણ સંબંધી વૈજ્ઞાનિક સમજ લોકોને આપશે તેવો કાર્યક્રમ અમલમાં મુક્યો છે.

સંવત ૨૦૭૨ના ભાદ્રપદ શુકલપક્ષની પૂનમ શુક્રવાર તા. ૧૬ મી સપ્ટેમ્બર ૨૦૧૬ કુંભ-મીન રાશી અને પૂર્વાભાદ્રપદ નક્ષત્રમાં થનારૂ છાયા-માઘ ચંદ્રગ્રહણ ભારત સહિત એશિયા, યુરોપ, આફ્રિકા, ઓસ્ટ્રેલિયા, હિંદ મહાસાગર, પ્રશાંત મહાસાગર, એટલાન્ટિક મહાસાગારમાં આ ગ્રહણ દેખાવાનું છે.

ભારતના સમયાનુસાર ગ્રહણ સ્પર્શ તા. ૧૬મી શુક્રવાર રાત્રે ૧૦ કલાક ૨૫ મિનિટ, ગ્રહણ મધ્ય તા. ૧૭મી ૦૦-૨૪ મિનિટે, ગ્રહણ મોક્ષ રાત્રિના ૨ કલાક ૨૪ મિનિટે સમાપ્ત થશે. પરમ ગ્રાસ ૦.૯૦૮ રહેશે.

# દહેગામનાં લિસ્ટેડ બુટલેગરનાં ઘરે એલ.સી.બી.નો દરોડો



ગાંધીનગર,તા.૧૫

ગાંધીનગર એલ.સી.બીની ટીમે લિસ્ટેડ બુટલેગરોની હિલચાલ પર વોચ રાખી છે . દરમ્યાન દહેગામનાં લિસ્ટેડ બુટલેગરનાં ઘરે દારુ બિયરનો જથ્થો સંતાડવામાં આવ્યો હોવાની બાતમીને આધારે ટીમે ઘરે દરોડો પાડ્યો હતો.

લીંબચમાતાની ફળીમાં દરોડો પાડી ભાવેશ ઉર્ફે ભાવસિંહ પ્રહલાદસિંહ ઝાલાનાં ઘરમાંથી ૩૭ નંગ વિદેશી દારુની બોટલ, ૨૩૪ નંગ વિદેશી દારુની નાની બોટલ અને ૯૬ બિયરના ટીનનો જથ્થો મળી આવ્યો હતો. ટીમે રુ.૫૦,૪૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી ભાવેશ અને તેની પત્ની વિણાબેન સામે પણ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી આરંભી છે.

પત્નીની દેખરેખ હેઠળ ધંધો ચાલતો હોવાથી તેણીની સામે પણ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. પોલીસે ધરપકડ માટે તજવીજ શરુ કરી છે.

# શેરથા પાસે ગોડાઉનમાંથી મોબાઈલો અને લેપટોપ ચોરતી ગેંગનો સુત્રધાર ઝડપાયો

ગાંધીનગર,તા.૧૫

ગાંધીનગર નજીક શેરથા ટોલ ટેક્સ નજીક આવેલા એક ઈલેક્ટ્રોનિક ગોડાઉનમાંથી લેપટોપ અને મોબાઈલો ચોરી થવા પામ્યા હતા. આ ગુનાને ગાંધીનગર એલ.સી.બી ની ટીમે ડીટેક્ટ કરી નાંખ્યો છે. ચોરીના સામાન સાથે દંતાલી ગામના એક સુત્રધારને દબોચી લેવામાં આવ્યો છે. અન્ય ત્રણ સાગરીતો સાથે મળીને તેણે ગોડાઉનમાંથી ત્રણ મોબાઈલ અને બે લેપટોપ ચોર્યા હોવાની કબુલાત કરી લીધી છે. એક આરોપીની ધરપકડ કરીને રુ.૨.૨૫ લાખનો મુદ્દામાલ રિકવર કરીને પોલીસે વધુ તપાસ શરુ કરી છે.

ગાંધીનગર એસ.પી વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી એલ.સી.બીની ટીમ ચોરો પકડવા સક્રીય થઈ છે ત્યારે ટીમે શેરથા પાસે સ્થિત એક ઈલેક્ટ્રિક સામાનનાં ગોડાઉનમાં એકાદ માસ પહેલા થયેલી ચોરીનો ભેદ ઉકેલવામાં પણ સફળતા મેળવી છે. ટીમ અડાલજ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી ત્યારે પો.કો કેતનકુમારને બાતમી મળતા દંતાલી ગામના એક શખ્સ રાહુલ મોહન ઠાકોરને ચોરીના ત્રણ મોબાઈલ સાથે પકડી પાડ્યો હતો. બે સેમસંગ અને એક આઈ ફોન મોબાઈલ સાથે



પકડાયેલા રાહુલની કડક પુછતાછ કરતા તેણે કબુલાત કરી હતી કે આ મોબાઈલો અને બે લેપટોપ તેણે તેના અન્ય ત્રણ સાગરીતો સાથે મળીને શેરથાના ગોડાઉનમાંથી ચોરી કર્યા હતા. એકાદ માસ અગાઉ તેણે તેના શેરથા રહેતા ત્રણ સાગરીતો વિજય ઉર્ફે ભીખો દશરથ ઠાકોર, સંજય નગીન ઠાકોર અને ઉમેશ જીવણ ઠાકોર સાથે મળીને બંધ બોડીની ગાડીનુ લોક તોડીને ત્રણ મોબાઈલો, બે લેપટોપ અને અન્ય ખોખાઓ ચોરી કર્યા હતા. રાહુલ પાસેથી ૯૦ હજારની કિંમતનાં મોબાઈલો, ૧.૨૦ લાખનાં લેપટોપ અને બાઈક મળી કુલ રુ. ૨.૨૫ લાખનો મુદ્દામાલ રિકવર કરી એલ.સી.બીની ટીમે આરોપી અડાલજ પોલીસને સોંપ્યો છે. અન્ય ફરાર ત્રણ આરોપીઓ પકડવા પોલીસે તજવીજ શરુ કરી છે.

## શબ્દો અંતિમ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મુલાયમસિંહના ભાઈ અને મુખ્યમંત્રી અખિલેશના કાકા શિવપાલસિંહ અને મુખ્યમંત્રી વચ્ચે હાલમાં જોરદાર ખેંચતાણ ચાલી રહી છે. મંગળવારના દિવસે મુલાયમસિંહે ઉત્તરપ્રદેશમાં પાર્ટી વડા તરીકે શિવપાલસિંહનું નામ આપ્યું હતું. સાથે સાથે આ હોદ્દાથી અખિલેશને દુર કરી દીધા હતા. રાજ્ય પાર્ટીના વડા આગામી વર્ષની વિધાનસભાની ચૂંટણી મો ઉમેદવારોની પસંદગીમાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરશે. શિવપાલના નામની જાહેરાત કરવામાં આવ્યા બાદ અખિલેશ આક્રમક વલણ અપનાવીને તેમના તમામ ખાતાઓ આંચકી લીધા હતા. શિવપાલે મીડિયા સાથે વાતચીત કરતા કહ્યું હતું કે મુલાયમસિંહે ઉત્તરપ્રદેશમાં પાર્ટી વડા તરીકે તેમના નામની જાહેરાત કરી છે. નેતાજીના નિર્ણયને કોઈપણ ઉથલાવી શકે નહીં. તેમની સામે કોઈ ઉભા રહી શકે નહીં. મુખ્યમંત્રીનો પણ નિર્ણય છે પરંતુ નેતાજી પાર્ટીના સંબંધમાં અંતિમ નિર્ણય કરે છે. શિવપાલે પુનરોચ્ચાર કર્યો હતો કે તેમની વચ્ચે ગઈકાલે બેઠક થઈ હતી. આશરે ચાર કલાક સુધી આ બેઠક ચાલી હતી. મિટીંગ બાદ મીડિયા સાથે શિવપાલે કોઈ વાત કરી ન હતી. બીજી બાજુ મુલાયમસિંહ યાદવ લખનૌ માટે રવાના થયા હતા. અખિલેશ તેમના પિતા મુલાયમસિંહથી નાખુશ છે અને ફોન ઉપાડી રહ્યા નથી.

## ઓઝોન દિવસ

● ૪ પાનાનું ચાલુ...

જમીની ભાગનો હાનિકારક ઓઝોન પ્લાસ્ટીક લાકડું, રંગો અને બાંધકામની સામગ્રી વગેરેને નબળા પાડીને નુકશાન કરે છે. ઓઝોન સાથે સંયોજનો કરીને પ્રકાશ રાસાયણિક ધુમ્મસ (Photo Chemical smog) પેદા થાય છે. મોન્ટ્રીયલ પ્રોટોકલ હેઠલ સંમત દેશો ઓઝોન ડેપ્લેશન સબસ્ટન્સ (Ozone Depletion Substance) જેને ટૂંકમાં 'ODS' કહે છે તેનું ઉત્પાદન કહે છે તેનું ઉત્પાદન બનાવટોનું પ્રમાણ ઘટાડવું. નવી ટેકનોલોજી લાવવી અને વાતાવરણમાં 'ઓડીએસ' જતાં ઘટે અને ધીમે ધીમે બંધ થાય તો ઓઝોન સ્તરના ગાબડા પડતાં અટકે.

## સામુહિક બદલી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રાપ્ત થતી વિગતો મુજબ નવા જિલ્લા વિકાસ અધિકારી દેસાઈએ વહીવટીતંત્રને મિશન મોડમાં કાર્યરત કરવા અને તંત્રને વધુ લોકાભિમુખ બનાવવાના સંકલ્પ સાથે સાફ સફાઈનું આ અભિયાન આરંભ્યું છે. તંત્રમાં હજુ પણ આ સપ્તાહના અંત સુધીમાં વધુ બદલીઓના ભણકારા વાગી રહ્યા હોવાનું પંચાયતના સૂત્રો કહી રહ્યા છે.

## ભારે વરસાદ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સૌરાષ્ટ્રના જે ભાગોમાં વરસાદ થયો છે તેમાં જુનાગઢના જુદા જુદા ભાગોમાં વરસાદ થયો છે. અમરેલી, દાહોદ, પોરબંદર, સાવરકુંડલા, બાવળાવદર, બોટાદમાં પણ વરસાદ થયો હોવાના અહેવાલ મળ્યા છે. ધારી લિલિયામાં દોઢ ઈંચથી વધુ વરસાદ થયો છે. રાજુલા, અમરેલીમાં પણ વરસાદ થયો છે. અમરેલી પંથકમાં પણ વાતાવરણ બદલાયું હોવાના અહેવાલ મળ્યા છે. આજે ગણેશ વિસર્જન સમયે સુરતમાં પણ વરસાદના અહેવાલ મળ્યા છે. વઢવાણ, કંડોરણા સહિતના ગામોમાં પણ વરસાદ થયો છે. પ્રાપ્ત માહિતી મુજબ રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં મિશ્ર વાતાવરણ વચ્ચે હળવાથી ભારે વરસાદના અહેવાલ મળ્યા છે.

આજે સવારે બફારાનો અનુભવ થયા બાદ સાંજે હવામાનમાં પલટો આવ્યો હતો. ધોરાજીમાં ગાજવીસ સાથે અડધા ઈંચથી વધુ વરસાદ થયો છે. બીજી બાજુ હવામાન વિભાગની આગાહીમાં વરસાદ પડશે તેવી વાત કરાઈ છે. અમદાવાદ શહેરમાં પણ મોડી સાંજે વરસાદી ઝાપટા પડ્યા હતા. શહેરના વિજય ચાર રસ્તા વિસ્તાર, નારણપુરા સહિતના વિસ્તારોમાં વરસાદ થયો હોવાના અહેવાલ મળ્યા છે.

## સેલરી ગ્રોથ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ટકા વધારે સુધી સેલરી ગ્રોથ હોય છે. જ્યારે નિચલા સ્તર પર સેલરી ગ્રોથમાં ૩૦ ટકાનો ઘટાડો થયો છે. એમ માનવામાં આવે છે કે સિનિયર લેવલ પર મજબૂત સેલરી ગ્રોથના પરિણામ સ્વરૂપે આ ટોચના હોદ્દા પર સ્કીલની અછત દેખાઈ રહી છે. આ ઉપરાંત વૈશ્વિકરણના પે માર્કેટથી સ્થિતિ પ્રવાહી રહી છે. એવા માર્કેટની સરખામણીમાં ભારતમાં સિનિયર લેવલ પર વધુ પગાર આપવામાં આવી રહ્યા છે. જેની ટક્કરમાં આવવા માટે સિનિયર લેવલ પર મજબૂત સેલરી ગ્રોથ થયો છે. જ્યાં સુધી નીચલા સ્તરની વાત છે ત્યાં લોકોને જરૂર કરતા વધારે સપ્લાયના કારણે સેલરી ગ્રોથમાં ઘટાડો થયો છે. જાણકાર નિષ્ણાતોનું કહેવું છે કે વિકસિત દેશોની અંદર અમેરિકાને સૌથી મોટો ફટકો પડ્યો છે. સપ્ટેમ્બર ૨૦૦૮ બાદથી સરેરાશ ૩.૧ ટકાનો ઘટાડો અમેરિકામાં થયો છે.

જ્યારે જીડીપીમાં ૧૦.૨ ટકાનો વધારો થયો છે. કેનેડામાં વિકસિત દેશોમાં સેલરી રિકવરી શ્રેષ્ઠ રહી છે. અહીં સરેરાશ ૭.૨ ટકાનો પગાર વધારો નોંધાયો છે. જ્યારે જીડીપી વધારો ૧૧.૨ ટકાનો રહ્યો છે. અન્ય દેશોની વાત કરવામાં આવે તો ઓસ્ટ્રેલિયામાં સેલરી ગ્રોથનો આંકડો ૫.૯ ટકા અને ફ્રાંસમાં ૫.૨ ટકા રહ્યો છે. જર્મનીમાં પાંચ ટકાનો આંકડો રહ્યો છે. ઈટાલીમાં ૨.૪ ટકાનો આંકડો રહ્યો છે.